# લોકશાહીની ખુલ્લેઆમ હત્યા અને નિલામી સામાન્ય વાત બની ગઈ છે : ડૉ. હિમાંશુ પટેલ

ગોરા અંગ્રેજોની નિતી હતી કે, “ભાગલા પાડો અને રાજ કરો” આજના ભાજપના કાળા અંગ્રેજોની નિતી છે કે, “ભાગલા પાડો, અહંકારને પોષો-જનમતને લૂંટો અને રાજ કરો” બળપૂર્વક, ષડયંત્રપૂર્વક કોઈ પણ રીતે જનમતનું હનન કરીને ભાજપ પોતાની જીત નિશ્ચિત કરી રહી છે. ભાજપનું લક્ષ્ય એક જ છે કે સત્તાનો મરજી મુજબ ઉપયોગ કરવો, પછી ભલે પ્રજાતંત્રને બેહાલ થઈ જાય. દુર્ભાગ્ય એ છે કે પાખંડીયો અને સત્તાના વેપારીઓ દ્વારા લોકતંત્રની હત્યા થઈ રહી છે, એ ખરાબ પ્રકારનું કૃત્ય મહાત્મા ગાંધીની પવિત્ર ભૂમિ ગુજરાતમાં ભાજપ આચરી રહી છે. “આયારામ-ગયારામ, તોડ-ફોડ, હેર-ફેર અને જનમતની લૂંટ” એ જ ભાજપનો ચાલ, ચહેરો અને ચરિત્ર બની ગયો છે. લોકશાહીની ખુલ્લેઆમ હત્યા અને નિલામી સામાન્ય વાત બની ગઈ છે અને પ્રજાએ આપેલા જનમતને લૂંટીને સત્તાના અહંકારને નવી ઓળખ ભાજપે બનાવી છે. જે અંગે પ્રદેશ કોંગ્રેસના પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલે જણાવ્યું હતું કે, કોંગ્રેસના ચિન્હ પર ગુજરાતની પ્રજાએ જનાધારા આપ્યો અને ધારાસભ્ય બન્યા પણ ફક્ત અને ફક્ત વ્યક્તિગત સ્વાર્થ ખાતર ભાજપમાં જોડાયેલા શ્રી બલવંતસિંહ રાજપૂતનું પૂતળુ સિધ્ધપુરની પ્રજાએ બાળીને રોષ વ્યક્ત કર્યો હતો. એ જ રીતે અમદાવાદમાં પણ પ્રદેશ સમિતિ ખાતે પૂતળાદહન કરવામાં આવ્યું હતું.



## ઉત્તર ગુજરાત પુર સંકટ, રાહત માટે ૪૭૦૦ ફુડ પેકેટનું વિતરણ

શ્રી સ્વામિનારાયણ ગાદીના આચાર્ય શ્રી પુરુષોત્તમ પ્રિયદાસજી સ્વામીજી મહારાજની આજ્ઞા અન્વયે ઉત્તર ગુજરાત પુર સંકટ, રાહત માટે શ્રી સ્વામીનારાયણ મંદિર, મણિનગર દ્વારા ૪૭૦૦ ફુડ પેકેટ અતિવૃષ્ટિના કારણે પ્રભાવિત બનેલા માણસોની મદદ માટે રાજય સરકારશ્રી તેમજ કેન્દ્ર સરકારશ્રીની વિનંતીને ધ્યાને લઈ શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાનની જુદી જુદી શાખાઓ જેવી કે કલોલ, કડી, બાવળા, ખેડા દ્વારા ૪૭૦૦ ફુડ પેકેટો વિતરણ કરાયા હતા.

## ચડાસણા ગ્રામ પંચાયતનું મકાન અત્યંત જર્જરીત હાલતમાં

ભિલોડા, તા. ૨૮

ઈડર તાલુકાના ચડાસણા ગામનું પંચાયતનું મકાન અત્યંત બિસ્માર હાલત હાલતમાં છે. આ મકાનનું બાંધકામ ૧૯૭૧ની સાલમાં બનેલ હતુ. અત્યારે મકાન પડી જાય તેવી પરિસ્થિતિ સર્જાઈ છે. વધુ પડતા વરસાદના ભેજના કારણે મકાનના છતના પોપડા ધરાશયી થઈ ગયા છે. સદ્‌નશીબે કોઈ જાનહાની થવા પામી ન હતી. સત્વરે ગામના સરપંચ અને ડે. સરપંચે આવી તાલુકા વિકાસ અધિકારીને પરિસ્થિતિથી વાકેફ કર્યા હતા. પંચાયતનું નવુ મકાન બનાવવા માટે વહીવટીતંત્રમાં ઘણા વર્ષોથી રજુઆત કરવામાં આવી છે.



## ધનસુરા વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા રાહતકાર્ય

વિશ્વ હિન્દુ પરિષદ ધનસુરા અને અરવલ્લી જિલ્લા વીએચપી દ્વારા બનાસકાંઠામાં કુદરતી આફતમાં સેવા કરવા માટે ઘેર ઘેરથી ફુડ પેકેટ, ગરમ કપડા, ચાદર, ગાદલા અને મેડિકલ વાહન સાથે કાર્યકર્તા રવાના થયા હતા.

## અમૃતપેય (આયુર્વેદિક ઉકાળો) પીવડાવવાનાં કાર્યક્રમ

જીલ્લા વિકાસ અધિકારીશ્રી સાબરકાંઠા ની સુચના અનુસાર જીલ્લા આયુર્વેદિક અધિકારીશ્રીની કચેરી દ્વારા તા- ૨૯-૭-૨૦૧૭, શનિવાર નાં રોજ જીલ્લા કક્ષાએ નીચે મુજબના સ્થળોએ અમૃતપેય (આયુર્વેદિક ઉકાળો ) પીવડાવવા નું આયોજન કરવામાં આવેલ છે.

(૧) જીલ્લા પંચાયત પ્રમુખશ્રી અને જીલ્લા વિકાસ અધિકારીશ્રી ની ઉપસ્થિતિમાં સવારે, ૧૦-૩૦ કલાકે-,જીલ્લા પંચાયત કચેરી ખાતે. (૨) જીલ્લા વિકાસ અધિકારીશ્રી અને જીલ્લા પોલીસ વડા ની ઉપસ્થિતિમાં સવારે ૧૦-૪૦ કલાકે, જીલ્લા પોલીસ વડા ની કચેરી ખાતે. (૩) મુખ્ય જીલ્લા ન્યાયાધીશ શ્રી, જીલ્લા કલેકટરશ્રી,જીલ્લા વિકાસ અધિકારીશ્રી તથા તમામ શાખાધિકારીશ્રીઓ ની ઉપસ્થિતિ માં સવારે ૧૦-૫૦ કલાકે. કલેકટર કચેરી ખાતે.

# ભાજપે પૈસા-પોલીસના ડરથી તોડવા માટેનો ખેલ પાર પાડયો

### કોંગ્રેસના ધારાસભ્ય ઈન્દ્રનીલ રાજયગુરૂનો આક્ષેપ : સૌરાષ્ટ્રના કોંગ્રેસના નવ ધારાસભ્યોએ કોઈપણ સંજોગોમાં કોંગ્રેસ પાર્ટીને છોડીને નહી જવા માટેની કરેલી જાહેરાત

રાજકોટ, તા.૨૮

કોંગ્રેસના છ ધારાસભ્યોએ રાજીનામા આપી ભાજપમાં જોડાઇ જતાં ગુજરાત કોંગ્રેસમાં જબરદસ્ત નિરાશાનો માહોલ છવાયો છે તે વચ્ચે આજે રાજકોટ-૧ના કોંગ્રેસના ધારાસભ્ય ઈન્દ્રનીલ રાજયગુરૂએ એક પત્રકાર પરિષદ યોજી ભાજપ પર આકરા પ્રહારો કર્યા હતા અને જણાવ્યું હતું કે, ભાજપે પૈસાના જોરે અને પોલીસના દબાણ હેઠળ કોંગ્રેસના ધારાસભ્યોને તોડી તેમના પક્ષમાં ખેંચી જવાનો સમગ્ર ખેલ પાર પાડયો છે. જે ભાજપની નબળી માનસિકતા છતી કરે છે. કોંગ્રેસના ધારાસભ્ય ઈન્દ્રનીલ રાજયગુરૂએ કોંગ્રેસની વર્તમાન સ્થિતિ અંગે ભારે ચિંતા વ્યકત કરી આ માટે ભાજપને જવાબદાર ગણાવી હતી અને ભાજપ પર હોર્સ ટ્રેડીંગ અને પોલીસના દૂરપયોગના આક્ષેપો કર્યા હતા. તેમણે ઉમેર્યુ કે, જસદણના કોંગ્રેસના ધારાસભ્ય ભોળાભાઈ ગોહિલ અજ્ઞાતવાસમાં છે પરંતુ તેમને મળીને પણ અમે સમગ્ર હકીકત જાણવાનો પ્રયાસ કરીશું. આ જ પ્રકારે અન્ય ધારાસભ્યોને ભાજપ દ્વારા કયા કયા પ્રકારની ઓફરો થઈ છે અને કેવી લાલચો અપાઈ છે તે વિશે પણ જાણવાનો પ્રયાસ કરીશું. ભાજપ પૈસા અને પોલીસના જોરે અમારા ધારાસભ્યોને ઉઠાવી રહ્યુ છે અને તેમને તોડી રહ્યું છે પરંતુ ભાજપની આ હલકી માનસિકતા પ્રજામાં ખુલ્લી પડી ગઈ છે. દરમ્યાન અમરેલીના ધારાસભ્ય પરેશ ધાનાણીએ જણાવ્યું હતું કે, અમારા કેટલાક સાથી મિત્રોએ ભાજપના રાજકીય દાવમાં ગેરમાર્ગે દોરાઈ રાજકીય આત્મહત્યા કરી છે પરંતુ અમે ભાજપને તેનો બદઈરાદો પાર પાડવા દઈશું નહી. આ પ્રસંગે સૌરાષ્ટ્રના કોંગ્રેસના આ નવ ધારાસભ્યોએ કોઈપણ સંજોગોમાં કોંગ્રેસને છોડીને નહી જવાની અને ભાજપમાં નહી જોડાવાની જાહેરાત કરી હતી. દરમ્યાન રાજકોટની નીલ સીટી કલબમાં સૌરાષ્ટ્રના કોંગ્રેસના નવ ધારાસભ્યોની બંધબારણે બેઠક મળી હતી, જેમાં બાપુ વધુ ધારાસભ્યો ના તોડે અને ભાજપ તેના ગંદા રાજકારણમાં સફળ ના થાય તે માટેની વ્યૂહરચના નક્કી કરવામાં આવી હતી. ગઈકાલે મોડી સાજે કોંગ્રેસના સિનિયર નેતા શકિતસિંહ ગોહીલ, એહમદ પટેલ જૂથના માણવદરના ધારાસભ્ય જવાહર ચાવડા અને વાંકાનેરના ધારાસભ્ય જાવેદ પીરઝાદા સહિતના પાંચ સભ્યો રાજયગુરૂના નિવાસસ્થાને યોજાયેલી બેઠકમાં હાજર રહ્યા હતા.

# ભારે વરસાદ બાદ હજુ પણ ૨૦૦ ગામોમાં વિજળી ડુલ

અમદાવાદ, તા. ૨૮

અતિવૃષ્ટિગ્રસ્ત વિસ્તારોમાં પાણી ઓસરતા વિજ પુરવઠો પૂર્વવત કરવાના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે જેના ભાગરુપે ૫૫૩ ગામોમાં વિજ પુરવઠો પુનઃ સ્થાપિત કરી દેવામાં આવ્યો છે. વરસાદની સ્થિતિના કારણે ૭૫૩ ગામોમાં વિજ પુરવઠો ખોરવાયો હતો તેમાંથી ઉર્જા વિભાગે ૫૫૩ ગામમાં વિજ પુરવઠો પુનઃ સ્થાપિત કરાયો છે. ૨૦૦ ગામમાં હજુ વિજ પુરવઠો ખોરવાયેલો છે. ૧૨૪ ટીમ વિજ પુરવઠો પુનઃ સ્થાપિત કરવા કામે લાગેલી છે. જાનનું જોખમ હોવા છતાં વિજ કર્મચારીઓ સક્રિય કામગીરી કરી રહ્યા છે. ગુજરાત વિજ કંપનીના વરિષ્ઠ અધિકારીઓના કહેવા મુજબ ધાનેરા શહેરના ૮૦થી ૯૦ ટકા વિસ્તારોમાં વિજ પુરવઠો પુનઃસ્થાપિત કરી દેવામાં આવ્યો છે. અનાજ દળવાની ઘંટીઓ, હોસ્પિટલ અને વોટરવર્ક્સમાં વિજ પુરવઠો સ્થાપિત કરવાની કામગીરીને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવામાં આવી રહી છે. આખા વિસ્તારમાં વિજળી સામાન્ય કરવાનું કામ યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવ્યું છે. બનાસકાંઠા, પાટણ અને અન્ય વિસ્તારોમાં પણ જ્યાં વિજળી પુરવઠો ખોરવાયો છે ત્યાં વિજ પુરવઠાને પુનઃ સ્થાપિત કરવા યુદ્ધના ધોરણે કામગીરી ચાલી રહી છે. પાણી ઘટી ગયા બાદ હવે આ પ્રક્રિયાને વધુ તીવ્ર બનાવીને વહેલી તકે જનજીવનને સામાન્ય બનાવવામાં આવશે. અસરગ્રસ્ત વિસ્તારોમાં પશુ મૃત્યુના મામલામાં મૃત પશુઓના નિકાલ માટે ઝડપી વૈજ્ઞાનિક પદ્ધતિઓ અપનાવવામાં આવી રહી છે. બીજી બાજુ પુરગ્રસ્ત બનાસકાંઠામાં હાલત ખુબ જ કફોડી બનેલી છે.

# બ્લ્યુ સ્ટારનું સ્ટાઈલિશ અને વિશિષ્ટ વોટર પ્યોરિફાયર ક્ષેત્રે વિસ્તરણ, લક્ષ્ય છે ૧૦૦થી વધુ શહેરોના બજાર પર વર્ચસ્વ

બ્લ્યુ સ્ટાર લિમિટેડ, જેણે ગયા વર્ષના ઓક્ટોબરમાં ઘર વપરાશના વોટર પ્યોરિફાયર ક્ષેત્રે પ્રવેશ કર્યો છે, તેણે સ્ટાઈલીશ અને વિશિષ્ટ પ્રોડકટસની રજૂઆત દ્વારા આ ક્ષેત્રે વિસ્તરણની જાહેરાત કરી છે. આ કંપની અત્યારે ઘર વપરાશના વોટર પ્યોરિફાયર વેચે છે, પણ હવે તે તબક્કાવાર ઔદ્યોગિક અને ધંધાકીય વપરાશના વોટર પ્યોરિફિકેશન સિસ્ટમની શ્રેણીને પણ વિસ્તારશે. બ્લ્યુ સ્ટારે આ પગલું નવી પ્રોડકટ સંબંધિત કેટેગરીમાં તેની હાજરી વધારવાના આક્રમક વ્યૂહના ભાગરૂપે લીધું છે. બ્લ્યુ સ્ટારને શીતળતાના વિશિષ્ટ ઉપકરણો બનાવીને વેચવાનો ૭૫ વર્ષનો અનુભવ છે. કંપનીએ વર્ષ ૨૦૧૧માં ઘર માટેના રૂમ એર કન્ડિશનર્સ ક્ષેત્રે પ્રવેશી હતી અને ત્યાર પછી તે દર વર્ષે નોંધપાત્ર સફળતા મેળવતી રહી છે. આ સફળતાથી પ્રોત્સાહિત કંપનીએ નવી પ્રોડક્ટ કેટેગરીમાં ખાસ કરીને ગ્રાહક વપરાશના ક્ષેત્રે પ્રવેશવાનો વ્યૂહ બનાવ્યો હતો. કંપનીને વોટર કૂલર્સ અને બોટલ્ડ વોટર ડિસ્પેન્સરના વેચાણના કારણે જળ સાથેનો લાંબા ગાળાનો સંબંધ છે અને આ ઉપરાંત તેને વિશ્વાસપાત્ર અને આધુનિક બ્રાન્ડ તરીકેની માન્યતા મળી છે તથા તેનું દેશભરમાં ૪૦૦૦ રિટેલ સ્ટોર્સનું વિતરણ માળખું છે તેને અનુલક્ષી કંપનીએ ગયા વર્ષે ઘર વપરાશના વોટર પ્યોરિફાયર બિઝનેશમાં ઝંપલાવ્યું હતું. આ બિઝનેસમાં તે સારૂ કાઠું કાઢશે.

## નવાઝ શરીફ

● અનુસંધાન પહેલાનું ચાલુ

વર્ષ પુરા થઈ રહ્યા છે. આટલા લાંબા ગાળામાં પણ લોકશાહીરીતે ચૂંટાયેલા પાકિસ્તાનના કોઈપણ વડાપ્રધાન પોતાની અવધિને પરિપૂર્ણ કરી શક્યા નથી. ચુકાદો આપતા જજોની બેંચે કહ્યું હતું કે, પાકિસ્તાની સંસદ અને અદાલતો પ્રત્યે નવાઝ શરીફ ઈમાનદાર રહ્યા નથી જેથી તેઓ વડાપ્રધાન પદ ઉપર રહી શકે નહીં. પાકિસ્તાની બંધારણની કલમ ૬૨ અને ૬૩ના આધાર પર સુપ્રીમ કોર્ટે ૫-૦ બહુમતિથી નવાઝ શરીફને વડાપ્રધાન પદ માટે અયોગ્ય જાહેર કર્યા હતા. સુપ્રીમ કોર્ટ દ્વારા ૧૮મી જુલાઈના દિવસે કરવામાં આવેલી ટિપ્પણીથી આ બાબત સ્પષ્ટ થઈ ગઈ હતી ક નવાઝ શરીફ સામે આગામી દિવસો ખતરનાક રહી શકે છે. તેમની સામે કોર્ટે બે વિકલ્પ મુક્યા હતા. એક વિકલ્પ એ હતો કે, આ કેસ સાથે જોડાયેલા તથ્યોને ધ્યાનમાં લઈને સુપ્રીમ કોર્ટ પોતે ચુકાદો આપે અથવા તો આ મામલો નેશનલ એકાઉન્ટએબિલીટીને સોંપી દેવામાં આવે. ચુકાદો આપતા જસ્ટિસ એઝાઝ અફઝલે કહ્યું હતું કે, નવાઝ શરીફ હવે પાકિસ્તાની સંસદમાં ઈમાનદાર અને સમર્પિત સભ્ય હોવાને યોગ્ય નથી. કોર્ટે મરિયમહસન, હસન, હુસૈન અને ઈશાક દારની સામે મામલાની તપાસ કરવા માટે આદેશ કર્યો છે. એનએબી પાકિસ્તાનને ભ્રષ્ટાચાર વિરોધી સંસ્થા છે જે સ્વાયત્ત અને બંધારણીય સંસ્થા છે. આનુ કામ ભ્રષ્ટાચાર સાથે જોડાયેલા મામલામાં તપાસ કરવાનું રહ્યું છે. હજુ આ સ્પષ્ટતા થઈ નથી કે, સત્તાની જવાબદારી હવે કોને સોંપવામાં આવનાર છે. અગાઉ પાકિસ્તાનની સુપ્રીમ કોર્ટે પનામાગેટના મામલામાં પાકિસ્તાનના વડાપ્રધાન નવાઝ શરીફને આખરે દોષિત જાહેર કરી દેતા ખળભળાટ મચી ગયો હતો. નવાઝ શરીફને દોષિત જાહેર કરવામાં આવ્યા બાદ તેઓ હવે વડાપ્રધાનપદ માટે અયોગ્ય થઈ ગયા હતા. પાકિસ્તાનની સુપ્રીમ કોર્ટના કોર્ટ રૂમ સંખ્યા એકમાં પાંચ સભ્યોની ખંડપીઠે આ ઐતિહાસિક ચુકાદો આપ્યો હતો. આ નિર્ણયની ગંભીરતાને ધ્યાનમાં લઈને ઈસ્લામાબાદ અને રાવલપિંડીમાં સાવચેતીના પગલા રૂપે હાઈ એલર્ટની જાહેરાત કરી દેવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટ અને પાકિસ્તાની સંસદની બહાર મોટી સંખ્યામાં સુરક્ષા જવાનોને તૈનાત કરવામાં આવ્યા હતા. નવાઝ શરીફને ગેરલાયક જાહેર કરવામાં આવ્યા બાદ તેમની પાર્ટીમાં ખળભળાટ મચી ગયો છે.

કોંગ્રેસની વાતો ખોટી હોવાનુ જણાવી તેમણે કહ્યુ હતુ કે ૬૦ વર્ષમાં દેશને કેટલુ નુકશાન થયુ છે અને કેવી ભ્રષ્ટ્ર રાજનીતિ કરી હતી તેનાથી સૌ પરિચિત છે.

શંકરસિંહ વાઘેલાની કોંગ્રેસ અંગેની ટિપ્પણીઓ અંગે પુછાયેલા પ્રશ્નના ઉત્તરમાં તેમણે જણાવ્યું હતુ કે તેઓ બહુ સિનીયર રાજનેતા છે તેમની ટિપ્પણીઓ વિશે હું શું બોલી શકું ? તમે તેને ભાજપમાં પ્રવેશ આપશો તેવા પ્રશ્નના ઉત્તરમાં તેમણે કહ્યું હતું કે તેઓએ તેમનો નિર્ણય સાર્વજનિક કરી જ દીધો છે એટલે પણ કંઈ કહેવાનું રહેતુ નથી.

## ઉઘાડ નિકળતા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જયારે બનાસકાંઠા સહીતના વિસ્તારમાં વરસાદે સર્જેલી તારાજીના દ્રશ્યોથી પણ નાગિરકો ચિંતામાં મુકાયા છે. ગાંધીનગરમાં પણ સતત એક સપ્તાહથી આકાશી નઝારો બદલાતા રોજબરોજ સતત હાજરી પુરાવતા મેઘરાજાના લીધે જનજીવન અસ્તવ્યસ્ત બન્યુ હતુ. છેલ્લા એક અઠવાડીયાથી આકશમાં પણ વરસાદી વાદળો હટવાનુ નામ લેતા નથી. જયારે ગઈકાલે ભારે વરસાદના લીધે જિલ્લામાં ચોમેર પાણી પાણી વચ્ચે જળબંબાકારની સ્થિતિ જોવા મળી હતી. હજુ પણ નિચાણવાળા વિસ્તારમાંથી વરસાદી પાણી દુર થયા નથી. જયારે શહેરમાં વરસાદી પાણીના ભરાવા વચ્ચે વરસાદી સમસ્યાઓ પણ વિકરાળ બની છે. આવા સંજોગોમાં એકધારા વાદળિયા વાતાવરણ વચ્ચે સતત વરસતા મેઘરાજાના લીધે નગરનુ જનજીવન પ્રભાવિત થવાની સાથે નગરજનો પણ બેચેની અનુભવી રહયા છે. આજે પણ સવારથી વાદળિયુ વાતવરણ રહયુ હતુ. પરંતુ બપોરના સમયે આકાશમાંથી વરસાદી વાદળો વિખેરવાની સાથે પલવાર માટે તડકો નિકળ્યો હતો. જયારે વરસાદે પણ વિરામ લીધો હતો. દિવસ દરમિયાન વરસાદ બંધ રહેતા નગરજનોએ હાંશકારો અનુભવ્યો હતો. જયારે ભારે વરસાદના લીધે શહેરમાં સર્જાયેલી સ્થિતિને ધ્યાને લઈ તંત્ર દ્વારા પણ રસ્તાના પેચવર્ક ઉપરાંત ગાબડા પુરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. શહેરના બજારો અને શાકમાર્કેટમાં પણ ગૃહીણીઓ જરૂરી ચીજવસ્તુઓની ખરીદી કરવા માટે નિકળી પડી હતી. વરસાદે ખમૈયા કરતા નાગિરકોએ પણ રાહત અનુભવી હતી. દિવસ દરમિયાન નગરજનો પોતાના અટવાયેલા કામો પુરા કરવામાં લાગી ગયા હતા. જયારે સાંજના સમયે ફરી આકાશમાં વરસાદી વાદળો સાથે છાંટણાં પડયા હતા.

## રાજીનામાનો વરસાદ

● અનુસંધાન પહેલાનું ચાલુ

સભ્યોની સંખ્યા ૬ થઈ છે. જ્યારે કોંગ્રેસના સભ્યોની સંખ્યા પણ ઘટીને ૫૧ ૫૨ પહોંચી છે.

કોંગ્રેસ દ્વારા સભ્યોને માટે એક ખાસ કેમ્પ છાવણી પણ બનાવી દીધી હોવાનુ જાણવા મળેલ છે.

દરમ્યાન કોંગ્રેસના આગેવાનોએ આજે ભાજપ શામ દામ દંડની રાજનીતિ કરી રહી હોવાનો ગંભીર આક્ષેપ કરી જણાવ્યુ છે કે ધારાસભ્યોને પૈસા અને ટિકિટોની લાલચ આપી ફસાવવામાં આવી રહ્યા છે.

## ઉમેદવારી નોંધાવી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તેમણે જણાવ્યુ હતુ કે અમીતભાઈએ પક્ષના વિસ્તાર માટે કરેલ નોંધનીય પ્રદાનને ધ્યાને રાખી પસંદગી કરાઈ છે તો સ્મૃતિ ઈરાનીની મંત્રી અને સાંસદ તરીકેની કામગીરીને ધ્યાને લઈ પુનઃ પસંદ કરવામાં આવેલ છે.

યાદવે જણાવ્યુ હતુ કે અમે હોર્સટ્રેડીંગમાં માનતા નથી અને સૌનો સાથ સકારાત્મક રાજનીતિ વિકાસ માટે માંગી રહ્યા છીએ.

## ૬ દિવસમાં

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સર્જાયા બાદ ગાંધીનગર અને અમદાવાદમાં પણ ભારે વરસાદ થતા ચોમેર પાણી પાણી ની સ્થિતિ વચ્ચે જનજીવન પણ અસ્તવયસ્ત બની ગયુ છે. ગાંધીનગરમાં પણ છેલ્લા ૬ દિવસમાં ૨૨ ઈંચ વરસાદ થતા શહેરના સેકટરોમાં વરાસાદી પાણી ફરી વળ્યા હતા. જયારે હાલ પણ કોમન પ્લોટ સહીત નિચાણવાળા વિસ્તારમાં પાણીનો ભરાવો જોવા મળે છે. જયારે સતત વરસાદી માહોલના અંતે કાદવ કીચ્ચડની સ્થિતિ વચ્ચે મચ્છરોનો ઉપદ્રવ પણ રોગચાળાની દ્રષ્ટીએ ખતરારૂપ બન્યો છે. હાલ વરસાદ બંધ રહયો છે. પરંતુ સતત વરસાદના લીધે સેકટરોમાં વરસાદી સમસ્યાઓ વિકરાળ બની છે. ગાંધીનગરમાં સામાન્ય રીતે સિઝનનો વરસાદ ૩૨ ઈંચ જેટલો નોંધાય છે. જયારે છેલ્લા ૬ દિવસમાં જ શહેરમાં ૨૨ ઈંચ વરસાદ થઈ ગયો છે. શહેરમાં ૬ દિવસમાં મોસમનો ૬૦ ટકા વરસાદ નોંધાયો છે. જેના લીધે શહેરમાં મોસમનો સો ટકાથી વરસાદ થઈ ચુકયો છે.

